For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

GSFC યુનિવર્સિટીમાં બે દિવસ દરમિયાન ૧૯ સેમિનાર, ૧૫૧ નિષ્ણાતો કરશે જ્ઞાનમંથન

# વડોદરામાં આજથી 'પ્રાદેશિક વાઈબ્રન્ટ ગુજરાત સમિટ'નો પ્રારંભ

વડોદરા : વડોદરા સ્થિત GSFC યુનિવર્સિટી ખાતે તા. 29 અને 30 જૂન દરમિયાન બે દિવસીય પ્રાદેશિક વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. 'પ્રાદેશિક આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્વાકાંક્ષા' થીમ પર યોજાનારી આ સમિટમાં 19 વિષયકેન્દ્રિત સેમિનાર અને 151થી વધુ નીતિ નિર્ધારકો, ઉદ્યોગપતિઓ, વૈજ્ઞાનિકો, IAS અધિકારીઓ તથા દેશ-વિદેશના નિષ્ણાતો ભાગ લેશે.સમિટમાં સેમિકન્ડક્ટર, ક્વોન્ટમ ટેક્નોલોજી, સ્પેશિયાલિટી કેમિકલ્સ, ગ્રીન એનર્જી, બાયોઇકોનોમી, પ્રાકૃતિક ખેતી, સ્ટાર્ટઅપ્સ, MSME, ટૂરિઝમ, AI, ફિશરીઝ, મહિલા સશક્તિકરણ અને હાઈ-સ્પીડ રેલ જેવા ભવિષ્યલક્ષી વિષયો પર વિસ્તૃત ચર્ચા થશે.





### સેમિકન્ડક્ટરથી ક્વોન્ટમ ટેક્નોલોજી સુધીનું મંથન

સમિટમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ માટે લોજિસ્ટિક્સ ઇકોસિસ્ટમ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, ઇન્ડસ્ટ્રી 4.0, AI અને આગામી દાયકાની સ્કિલ વર્કફોર્સ જેવા વિષયો પર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો માર્ગદર્શન આપશે. IBM, IIT ગાંધીનગર, IN-SPACe, ISRO, SCL મોહાલી સહિત અનેક અગ્રણી સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહેશે.

### ચર્ચાના મુખ્ય વિષયો

- સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ
- ક્વોન્ટમ કમ્પ્યુટિંગ
- ઇન્ડસ્ટ્રી 4.0 અને AI
- સ્પેશિયાલિટી કેમિકલ્સ
- બાયોઇકોનોમી
- ગ્રીન એનર્જી
- પ્રાકૃતિક ખેતી
- સ્ટાર્ટઅપ અને MSME
- ટૂરિઝમ અને હેરિટેજ
- હાઇ-સ્પીડ રેલ
- ફિશરીઝ અને ફૂડ પ્રોસેસિંગ

### સમિટની મુખ્ય વિશેષતાઓ

- તારીખ: 29 અને 30 જૂન, 2026
- સ્થળ: GSFC યુનિવર્સિટી, વડોદરા
- થીમ: પ્રાદેશિક આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્વાકાંક્ષા
- 19 વિષયકેન્દ્રિત સેમિનાર
- 151થી વધુ નિષ્ણાતો અને નીતિ નિર્ધારકો
- દેશ-વિદેશના ઉદ્યોગપતિઓ અને ટેક્નોલોજી લીડર્સની હાજરી

**સમિટને મધ્ય ગુજરાતના** ઔદ્યોગિક, ટેક્નોલોજીકલ અને આર્થિક વિકાસ માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ માનવામાં આવી રહી છે, જ્યાં સરકાર, ઉદ્યોગ અને શિક્ષણજગત વચ્ચેનો સમન્વય વિકાસને નવી દિશા આપશે.

### સમિટથી શું મળશે?

- મધ્ય ગુજરાતમાં રોકાણને મળશે નવી ગતિ
- ઉદ્યોગ અને સરકાર વચ્ચે મજબૂત સમન્વય
- યુવાનો માટે રોજગારી અને સ્કિલ ડેવલપમેન્ટની નવી તકો
- ટેક્નોલોજી અને ઇનોવેશનને મળશે પ્રોત્સાહન
- ગુજરાતને વૈશ્વિક રોકાણ હબ તરીકે વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ

**સ્ટાર્ટઅપ, MSME અને રોજગારી પર ફોકસ ।** સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ, MSME વિકાસ, સ્કિલ ડેવલપમેન્ટ અને મહિલા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપતા અલગ-અલગ સેમિનારો યોજાશે. ઉદ્યોગ જગતના અગ્રણી પ્રતિનિધિઓ યુવાનો માટે નવી તકો અને રોકાણની સંભાવનાઓ અંગે માર્ગદર્શન આપશે.

### ગ્રીન ગુજરાત અને પ્રાકૃતિક ખેતી પર વિશેષ ભાર

પ્રાકૃતિક ખેતી, ગ્રીન એનર્જી, બાયોઇકોનોમી, ફૂડ પ્રોસેસિંગ અને એનર્જી સિક્યોરિટી જેવા વિષયો પર વિશેષ સત્રો યોજાશે. રાજ્ય સરકારના વિવિધ વિભાગો સાથે દેશના અગ્રણી વૈજ્ઞાનિકો અને ઉદ્યોગપતિઓ ભાગ લેશે.

**સંસ્કૃતિથી સ્માર્ટ ટૂરિઝમ સુધી ચર્ચા ।** ગુજરાતના હેરિટેજ, ક્રિએટિવ ઇકોનોમી, એક્સપિરિયન્શિયલ ટૂરિઝમ અને સાંસ્કૃતિક વારસાના વૈશ્વિક બ્રાન્ડિંગ અંગે વિશેષ સત્ર યોજાશે. હેરિટેજ નિષ્ણાતો, ફિલ્મ નિર્માતાઓ, ડિઝાઇનર્સ અને ટૂરિઝમ ક્ષેત્રના અગ્રણીઓ પોતાના વિચારો રજૂ કરશે.

મધ્ય ગુજરાતની ઔદ્યોગિક અને ઇનોવેશન ક્ષમતાનું થશે શક્તિપ્રદર્શન

## વડોદરામાં 'વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ' અંતર્ગત ભવ્ય પ્રદર્શન યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરાના GSFC યુનિવર્સિટી ખાતે આગામી તા. ૨૯ અને ૩૦ જૂન, ૨૦૨૬ દરમિયાન આયોજિત 'વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ' ના ભાગરૂપે એક અત્યાધુનિક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં મધ્ય ગુજરાતના ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ અને સરકારી સાહસોની સિદ્ધિઓને પ્રદર્શિત કરતા ૧૫૦ થી વધુ સ્ટોલ્સ આકર્ષણનું કેન્દ્ર બનશે. પરિષદના પ્રથમ હોલમાં MSME એકમોનું પ્રભુત્વ જોવા મળશે. જેમાં ભારત હેન્ડીક્રાફ્ટસ, યુનાઈટેડ ન્યુટ્રિશન, અને યોમ ઈન્ટરનેશનલ જેવા એકમો સ્થાનિક ઉત્પાદનોની ગુણવત્તા દર્શાવશે. આ ઉપરાંત, ટોપ્સન એનર્જી લિમિટેડ, વિવિયાના પાવર ટેક અને કર્મા સોલર જેવા રિન્યુએબલ એનર્જી ક્ષેત્રના અગ્રણીઓ ગ્રીન એનર્જી સોલ્યુશન્સ રજૂ કરશે.

કૃષિ ક્ષેત્રે પોલીસીલ ઈરિગેશન સિસ્ટમ્સ અને ખાદ્ય પ્રક્રિયામાં મોડર્ન ઈન્ડિયા ફૂડ્સ જેવા એકમો મધ્ય ગુજરાતની કૃષિ-ઔદ્યોગિક તાકાતનું પ્રદર્શન કરશે. યુવા ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે આઈ-હબ અને સ્ટાર્ટઅપ સેક્શનમાં નવતર પ્રયોગો રજૂ કરાશે. જેમાં Retner.AI, સ્પાર્ક સ્કૂલ AI અને સ્માર્ટનોડ ઓટોમેશન જેવી ટેકનોલોજી આધારિત કંપનીઓ ભાવિ ટેકનોલોજીની ઝલક આપશે. આરોગ્ય ક્ષેત્રે નાભિ સૂત્ર (અધ્યાય વેલનેસ) અને પર્યાવરણ લક્ષી ક્ષેત્રે એર-એક્સ ઈનોવેશન જેવા સ્ટાર્ટઅપ્સ પોતાની વિશિષ્ટ સેવાઓનું નિદર્શન કરશે.

મધ્ય ગુજરાતના વિકાસના સ્તંભ સમાન સંસ્થાઓ જેવી કે ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, અને ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના સ્ટોલ્સ દ્વારા વિવિધ સરકારી યોજનાઓ અને વિકાસકામોની માહિતી અપાશે. આ સાથે જ ગિફ્ટ સિટી, અમૂલ અને ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ જેવી સંસ્થાઓ પણ આ પ્રદર્શનમાં સહભાગી થઈ રહી છે. પરિષદમાં ખાસ કરીને હોલ-૩ માં 'ઉદ્યમ મેળા' હેઠળ ૨૨ જેટલા સ્ટોલ્સ ઉભી કરવામાં આવ્યા છે, જે નાના ઉદ્યોગકારોને પ્રોત્સાહન પૂરું પાડશે.

નિકાસ ક્ષેત્રે નવી તકો શોધવા માટે 'રિવર્સ બાયર સેલર મીટ' નું પણ આયોજન કરવામાં આવ્યું છે, જે સ્થાનિક ઉત્પાદનોને વૈશ્વિક બજાર સુધી પહોંચાડવામાં સેતુરૂપ બનશે. આ પ્રદર્શન તા. ૨૯ જૂન સવારે ૧૦:૩૦ કલાકે જાહેર જનતા અને ઉદ્યોગજગત માટે ખુલ્લું મુકાશે, જે મધ્ય ગુજરાતના ઔદ્યોગિક ઈકોસિસ્ટમને નવી ઉંચાઈએ લઈ જશે.

## વડોદરામાં મુખ્યમંત્રી વિકાસલક્ષી કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે વડોદરાના પ્રવાસે આવી વિવિધ વિકાસલક્ષી અને ઔદ્યોગિક કાર્યક્રમોમાં ભાગ લેશે. પ્રવાસ દરમિયાન તેઓ ઈ-મોબિલિટી, ઉદ્યોગ અને રોકાણને પ્રોત્સાહન આપતા અનેક કાર્યક્રમોમાં હાજરી આપશે.પ્રવાસ કાર્યક્રમ અનુસાર મુખ્યમંત્રી સવારે 10:00 વાગ્યે વડોદરા એરપોર્ટ ખાતે પહોંચશે. ત્યારબાદ સવારે 10:15 કલાકે જીએસએફસી (GSFC)ના ગેટ નંબર-1 ખાતે ઈ-બસને લીલી ઝંડી બતાવી ફ્લેગ ઓફ કરશે. આ કાર્યક્રમ બાદ સવારે 10:30 કલાકે ટ્રેડ શો અને પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે, જ્યાં વિવિધ ઉદ્યોગો દ્વારા નવી ટેક્નોલોજી, ઉત્પાદનો અને સેવાઓનું પ્રદર્શન કરવામાં આવશે.ત્યારબાદ સવારે 11:15 કલાકે યોજાનારા વાયબ્રન્ટ સમિટના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્યમંત્રી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી સમિટનું વિધિવત ઉદ્ઘાટન કરશે. સમિટમાં રાજ્યના ઉદ્યોગપતિઓ, રોકાણકારો, સરકારી અધિકારીઓ તેમજ વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવાની સંભાવના છે.મુખ્યમંત્રીના પ્રવાસને ધ્યાનમાં રાખી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ જરૂરી તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે તેમજ કાર્યક્રમ સ્થળોએ સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થાની પણ ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.



દારૂના નશામાં કાર ચાલકે પત્રકારની કારને પણ કચડવાનો પ્રયાસ

## મંજુસરમાં નશામાં ASI સાથે અભદ્ર વર્તન કરનાર ઝડપાયો

**ત્રણ શખ્સોને** ડિટેઇન કરી કાર્યવાહી શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરા જિલ્લાના સાવલી-વડોદરા રોડ પર દારૂના નશામાં ધૂત કાર ચાલકે એક પત્રકાર પર કાર ચડાવવાનો પ્રયાસ કરતાં ભારે હોબાળો મચ્યો હતો. ઘટનાની જાણ થતાં મંજુસર પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસ અધિકારીઓ સમજાવવા જતા કાર ચાલક અને તેના સાથીઓએ પોલીસ સાથે પણ ગેરવર્તન કરી ધક્કામુક્કી કરી હતી. આ દરમિયાન ASI વિક્રમસિંહ ડીડોરની નેમપ્લેટ પણ ખેંચી નાખવામાં આવી હતી. આખરે પોલીસે ત્રણેય શખ્સોને કાબૂમાં લઈને મંજુસર પોલીસ સ્ટેશન ખાતે ડિટેઇન કર્યા હતા.



સાવલી-વડોદરા રોડ પર બનેલી આ ઘટનામાં દારૂના નશામાં રહેલા કાર ચાલકે બેફામ રીતે વાહન હંકારી એક પત્રકાર પર કાર ચડાવવાનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું છે. ઘટનાના પગલે સ્થાનિકોમાં પણ ભારે રોષ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં મંજુસર પોલીસ સ્ટેશનના PI સહિતનો પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસ અધિકારીઓ દ્વારા કાર ચાલક અને તેના સાથીઓને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે નશામાં ધૂત શખ્સોએ પોલીસની વાત માનવાને બદલે PSI સાથે ગેરવર્તન કરી ધક્કામુક્કી શરૂ કરી દીધી હતી. એટલું જ નહીં, ASI વિક્રમસિંહ ડીડોરની નેમપ્લેટ પણ ખેંચી નાખી હતી. ઘટનાને પગલે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને કાર ચાલક સહિત ત્રણેય શખ્સોને ડિટેઈન કરી મંજુસર પોલીસ સ્ટેશન ખાતે લઈ જવાયા હતા. તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સમગ્ર ઘટનાને લઈને વિસ્તારમાં ભારે ચર્ચા જાગી છે.

૨૯ જૂનથી ૧ જુલાઇ સુધી ૧૦ ટ્રેનો સંપૂર્ણપણે રદ

## વડોદરા સ્ટેશન પર નોન-ઈન્ટરલોકિંગ કાર્યને કારણે કેટલીક ટ્રેનો રદ કરાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.28

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના વડોદરા સ્ટેશન પર વ્યાપક યાર્ડ રિમોડેલિંગ અને ટ્રેક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આધુનિકીકરણનું કામ હવે અંતિમ તબક્કામાં છે. આ કામગીરીના ભાગરૂપે તા. 30 જૂન 2026 ના રોજ વડોદરા સ્ટેશન પર નોન-ઈન્ટરલોકિંગનું કામ હાથ ધરવામાં આવશે. જેના કારણે કેટલીક ટ્રેનોની અવરજવર પર અસર થશે. તા. 29, 30 જૂન અને 1 જુલાઈ 2026 ના રોજ ઓછા અંતરની કેટલીક ટ્રેનો સંપૂર્ણપણે રદ રહેશે અને 4 ટ્રેનો શોર્ટ ટર્મિનેટ/શોર્ટ ઓરિજિનેટ થશે. સંપૂર્ણપણે રદ થયેલી ટ્રેનોમાં તા. 29, 30 જૂન અને 01 જુલાઈ 2026 ટ્રેન નં. 59549 વડોદરા-વટવા પેસેન્જર, 29, 30 જૂન અને 01 જુલાઈ 2026 ટ્રેન નં. 59550 વટવા-વડોદરા પેસેન્જર, 29, 30 જૂન અને 01 જુલાઈ 2026 ટ્રેન નં. 79440 કથાના-પ્રતાપનગર ડેમુ, 29, 30 જૂન અને 01 જુલાઈ 2026 ટ્રેન નં. 79439 પ્રતાપનગર-કથાના ડેમુ 29, 30 જૂન અને 01 જુલાઈ 2026 ટ્રેન નં. 79461 મિયાગામ કરજણ-પ્રતાપનગર ડેમુ, 29, 30 જૂન અને 01 જુલાઈ 2026 ટ્રેન નં. 79462 પ્રતાપનગર-મિયાગામ કરજણ ડેમુ, 30 જૂન અને 01 જુલાઈ 2026 ટ્રેન નં. 22930 વડોદરા-દહાણુ રોડ સુપરફાસ્ટ એક્સપ્રેસ, 30 જૂન અને 01 જુલાઈ 2026 ટ્રેન નં. 22929 દહાણુ રોડ-વડોદરા સુપરફાસ્ટ એક્સપ્રેસ,30 જૂન અને 01 જુલાઈ 2026 ટ્રેન નં. 19011 વલસાડ-દાહોદ એક્સપ્રેસ 30 જૂન અને 01 જુલાઈ 2026 ટ્રેન નં. 19012 દાહોદ-વલસાડ એક્સપ્રેસ. શોર્ટ ટર્મિનેશન/ઓરિજિનેશન થનારી ટ્રેનોમાં 29, 30 જૂન અને 01 જુલાઈ 2026 ટ્રેન નં. 12929 વલસાડ-વડોદરા ઈન્ટરસિટી વિશ્વામિત્રી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને વિશ્વામિત્રી-વડોદરા વચ્ચે રદ રહેશે. 29, 30 જૂન અને 01 જુલાઈ 2026 ટ્રેન નં. 69110 વડોદરા-ભરૂચ મેમુ મકરપુરા સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે અને વડોદરા-મકરપુરા વચ્ચે રદ રહેશે.

29, 30 જૂન 2026 દાદરથી ઉપડતી ટ્રેન નં. 12927 દાદર-એકતાનગર સુપરફાસ્ટ એક્સપ્રેસ વડોદરા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને વડોદરા-એકતાનગર વચ્ચે રદ રહેશે. 30 જૂન અને 01 જુલાઈ એકતાનગરથી ઉપડતી ટ્રેન નં. 12928 એકતાનગર-દાદર સુપરફાસ્ટ એક્સપ્રેસ વડોદરા સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ થશે અને એકતાનગર-વડોદરા વચ્ચે રદ રહેશે. રેલવે તંત્રે મુસાફરોને અગવડતા ન પડે તે માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવા અપીલ કરી છે.

સોનારકુઇ પાસે વીજ કામમાં સેફ્ટી સાધનો વિના શ્રમિકને ચઢાવ્યો હોવાના આક્ષેપ

## કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી,વીજ થાંભલે કામ કરતા શ્રમિકને કરંટ લાગતા ઈજાગ્રસ્ત

**તબિયત નાજુક,** સરકારી બાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.28

વડોદરા ગ્રામ્યના સોનારકુઈ ગામ પાસે વીજ કંપનીના પોલ પર કામ કરતા કોન્ટ્રાક્ટ પરના શ્રમિકને જોરદાર વીજ કરંટ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. કોન્ટ્રાક્ટર દ્વારા યોગ્ય સેફ્ટી સાધનો આપ્યા વિના કામ કરાવવામાં આવતું હોવાથી આ ગંભીર ઘટના બની હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. મળતી માહિતી મુજબ, નિલેશભાઈ રમણભાઈ સંગાડા આજે વીજ લાઈન પર ચાલુ કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. કરંટ લાગતા જ શ્રમિક ઇંભલા પરથી નીચે પટકાયો હતો અને ગંભીર રીતે દાઝી ગયો હતો.



ઘટનાને પગલે આસપાસના લોકો અને અન્ય શ્રમિકો દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્ત નિલેશભાઈને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે ગોત્રી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે તબિયત વધુ નાજુક જણાતા ડોક્ટરોની સલાહ મુજબ તેમને વધુ સારવાર માટે પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સ્થાનિકો અને અન્ય શ્રમિકોનો આક્ષેપ છે કે કોન્ટ્રાક્ટર દ્વારા શ્રમિકોને યોગ્ય સેફ્ટી બેલ્ટ, ગ્લવ્ઝ, હેલ્મેટ જેવા ફિટનેસ અને સાવચેતીના સાધનો આપવામાં આવતા નથી.

જો કોન્ટ્રાક્ટરે આ શ્રમિકને સેફ્ટીના સાધનો આપ્યા હોત તો કદાચ આ ઘટના ટાળી શકાઈ હોત. કોન્ટ્રાક્ટરની આ બેદરકારીના કારણે આજે એક શ્રમિકનો જીવ જતાં જતાં બચી ગયો છે. વારંવાર આવી ઘટનાઓ બનતી હોવા છતાં કોન્ટ્રાક્ટરો દ્વારા સેફ્ટીના નિયમોનો ઉલાળિયો કરવામાં આવતો હોવાથી શ્રમિકોમાં ભારે રોષ છે. હાલ ઈજાગ્રસ્ત શ્રમિક સારવાર હેઠળ છે.

વડોદરામાં રિલબાજીનું ભૂત ફરી ધૂણ્યું

## લહેરીપુરા ગેટ નીચે ચાલુ રસ્તા પર ટ્રાફિક રોકી રીલ બનાવી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.28

વડોદરા શહેરમાં રિલબાજ યુવાનો બેફામ બન્યા છે. એમ.જી. રોડ પર આવેલા લહેરીપુરા ગેટ નીચે ચાલુ રસ્તા પર જ ટ્રાફિકને ડાયવર્ટ કરીને કેટલાક યુવાનો અને યુવતી રીલ બનાવી ફોટોશૂટ કરી રહ્યા હોવાનો વિડીયો સામે આવ્યો છે. રાત્રિના સમયે ગેટ નીચે રીલ શૂટિંગ ચાલતું હોવાથી વાહનચાલકોને અટકાવી બીજા રસ્તે વાળવામાં આવ્યા હતા. જાહેર રસ્તા પર જોખમી રીતે રીલ બનાવવાના ચક્કરમાં નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ટ્રાફિક જામ અને અવરજવરમાં ખલેલ પહોંચતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો. શહેરમાં બેફામ બનેલા રિલબાજો પર લગામ કસવી જરૂરી બની છે. નિયમો તોડી જાહેર રસ્તા પર રીલ બનાવનારા સામે



અમદાવાદમાં પોલીસ ફરિયાદ થાય છે, ત્યારે વડોદરામાં પણ આવા તત્વો સામે કડક કાર્યવાહીની માંગ ઉઠી છે. આ રીલનો વિડીયો જાગૃત નાગરિક દ્વારા આપવામાં આવ્યો છે. અહીંયા મૂકવાનું કારણ માત્ર લોકજાગૃતિ અને કાયદાનું પાલન થાય તે માટે છે.

પૂર્વ વિસ્તારમાં પ્રી-મોન્સૂનના દાવા પોકળ : મજબૂત બેરિકેડ્સ લગાવવા માગ કરાઇ

## વડોદરા કોર્પોરેશનની ધીમી ગતિની નીતિથી ખોડીયાર નગરમાં વાહનચાલકોના જીવ જોખમમાં!

**અડધા વર્ષથી** ચાલતું કામ હજુ પણ અધૂરું રહેતા રહીશોમાં કચવાટ

(પ્રતિનિધિ) વડોદરા તા.28

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા વ્યસ્ત એવા ખોડીયાર નગર ચાર રસ્તા પાસે વહીવટી તંત્ર અને કોર્પોરેશનની ઘોર બેદરકારીનો ઉત્કૃષ્ટ નમૂનો જોવા મળી રહ્યો છે. ચોમાસાની વિધિવત શરૂઆત થઈ ચૂકી છે ત્યારે જ આ મુખ્ય માર્ગ પર વિકાસના નામે ખોદવામાં આવેલા ખાડાઓ હવે સ્થાનિકો અને વાહનચાલકો માટે 'મોતના કૂવા' સમાન સાબિત થઈ રહ્યા છે, જેના કારણે નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મુકાયા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં છેલ્લા છ થી સાત મહિના જેટલા લાંબા સમયથી લાઈન અથવા ડ્રેનેજ સંબંધિત કામગીરી ચાલી રહી છે. સામાન્ય રીતે આવા વ્યસ્ત જંક્શન પર યુદ્ધના ધોરણે કામ પૂરું કરવાનું હોય છે, પરંતુ કોર્પોરેશનના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની મિલીભગતને કારણે



આ કામ અત્યંત ધીમી એટલે કે ગોકળગાયની ગતિએ ચાલી રહ્યું છે. અડધાથી વધુ વર્ષ વીતી જવા છતાં હજુ સુધી કામગીરી આટોપી લેવામાં આવી નથી, જેને પગલે ચોમાસાના પ્રારંભિક વરસાદમાં જ સમગ્ર માર્ગ બિસ્માર અને જોખમી બની ગયો છે. સૌથી વધુ ગંભીર બાબત એ છે કે, રસ્તાની વચ્ચોવચ કરાયેલા આ મોટા અને ઊંડા ખોદકામની આસપાસ સુરક્ષાના કોઈ ચોક્કસ પ્રબંધ કરવામાં આવ્યા નથી. રાત્રિના સમયે વાહનચાલકોને દૂરથી ચેતવણી મળી રહે તેવા પ્રોપર બેરિકેડિંગ કે આડશો પણ ઊભી કરવામાં આવી નથી. આ ક્ષતિના કારણે આ માર્ગ પર અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. સાંજના સમયે જ્યારે કચેરીઓ અને વ્યવસાયોમાંથી લોકો પરત ફરતા હોય છે, ત્યારે આ અધૂરી કામગીરી અને આયોજનના અભાવને કારણે ખોડીયાર નગર સર્કલ પર ફૂલ ચક્કાજામની સ્થિતિ સર્જાય છે. ટ્રાફિક વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ જતાં વાહનચાલકો કલાકો સુધી અટવાઈ રહે છે. સ્થાનિકોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે અહીં ટ્રાફિકનું ભારણ ઘટાડવા માટે વહીવટી સ્તરે ત્વરિત નિર્ણયો લેવાની જરૂર છે. હાલમાં તો તંત્રની આ ખુલ્લી બેદરકારીને કારણે સમગ્ર વિસ્તારના રહીશો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. સ્થાનિક જનતા હવે કોર્પોરેશનના સત્તાધીશો અને સરકાર સમક્ષ આજીજી કરી રહી છે કે, કોઈ મોટી જાનહાનિ થાય તે પહેલાં વહેલી તકે આ કામકાજ પૂરું કરવામાં આવે. આ સાથે જ જ્યાં સુધી કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી વાહનચાલકોની સુરક્ષા માટે તાત્કાલિક અસરથી મજબૂત બેરિકેડ્સ લગાવવામાં આવે જેથી અકસ્માતો નિવારી શકાય.

સરકારી મિલકતને નિશાન બનાવતી શાતિર ગેંગ

## વડોદરામાં ખાડો ખોદી BSNLની લાઈન કાપી વાયરોની તસ્કરી

વડોદરાઃ દાંડિયા બજારમાં આવેલી ગેસ ઓફિસની બિલકુલ સામેના ભાગે તસ્કરોએ અંધારાનો લાભ લઈને અંદાજે ૧૩૦ થી ૧૪૦ મીટર જેટલો લાંબો ખાડો ખોદી નાખ્યો હતો. આટલો લાંબો ખાડો ખોદ્યા બાદ જમીનની અંદર પસાર થતી BSNLની મુખ્ય અંડરગ્રાઉન્ડ ટેલિફોન લાઇનના કિંમતી કેબલોને કાપીને તસ્કરો અલગ-અલગ જથ્થામાં ચોરી કરી ગયા હતા. ચોરી થયેલા આ વાયરો અત્યંત કિંમતી હોવાનું કહેવાય છે અને પ્રાથમિક અંદાજ મુજબ આ ચોરી કરાયેલા કેબલની બજાર કિંમત અંદાજે ૧ લાખથી લઈને ૧.૫૦ લાખ જેટલી થવા જાય છે. જાહેર માર્ગ પર આ પ્રકારે આયોજનબદ્ધ રીતે ખાડો ખોદીને થયેલી કેબલની ચોરીને પગલે સ્થાનિક ટેલિફોન સેવાઓ ખોરવાઈ હોવાની પણ આશંકા સેવાઈ રહી છે. બીએસએનએલના સબ-ડિવિઝનલ



એન્જિનિયરને આ સમગ્ર ચોરીની ઘટના અંગેની જાણ થતાં જ તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ તેઓએ આ મામલે રાવપુરા પોલીસ મથકમાં અજાણ્યા તસ્કરો વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. સરકારી મિલકતની આવી ગંભીર ચોરીની ઘટના સામે આવતા જ રાવપુરા પોલીસે ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.